Thursday
05.11.2026
✳Volume :11 ✳ Issue No.124
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં GRIT આયોજિત 'વિકસિત ગુજરાત @2047 : હાયર એજ્યુકેશન ફોર ફ્યુચર વર્કફોર્સ રેડીનેસ કોન્ફરન્સ'નો સમાપન સમારોહ યોજાયો



રાજ્ય સરકારે ઇન્ડસ્ટ્રી અને એમ્પ્લોયમેન્ટના સેતુ દ્વારા વિકસિત ભારત માટેનો વર્કફોર્સ તૈયાર કરવા પર ભાર મૂક્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

યુવા શક્તિને ભવિષ્યલક્ષી શિક્ષણ સજ્જતાથી સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ અને સમયસરની પહેલ:મુખ્યમંત્રીશ્રી

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડસ્ટ્રી અને એમ્પ્લોયમેન્ટના સેતુ દ્વારા વિકસિત ભારત માટેનો વર્ક ફોર્સ તૈયાર કરવા પર ભાર મૂક્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના રોડમેપથી આપણે લીડ લેવાનો સંકલ્પ કર્યો છે તેમાં ટેલેન્ટ પુલ અને યુવાઓના સ્કિલ ડેવલપમેન્ટ પર ફોકસ કરીને આગળ વધવું છે. મુખ્યમંત્રીશ્રી 'વિકસિત ગુજરાત ૨૦૪૭ હાયર એજ્યુકેશન ફોર ફ્યુચર વર્ક ફોર્સ રેડીનેસ' સેમિનારના સમાપન અવસરે સંબોધન કરી રહ્યા હતા. ગુજરાત રાજ્ય ઈન્ટરસ્ટેટ ટ્રાન્સફોર્મેશન-ગ્રીટ અને રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના ઉપક્રમે અમદાવાદમાં એકદિવસીય



વિકસિત ગુજરાત-૨૦૪૭ના રોડમેપને વધુ પરિણામલક્ષી બનાવવા સૌનાં સૂચનો અને સહયોગ આવકાર્ય:મુખ્યમંત્રીશ્રી

સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણરાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા પણ મુખ્યમંત્રીશ્રી સાથે સમાપન સમારોહમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સેમિનારને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આપેલા વિકસિત ભારતના ધ્યેયને યુવા શક્તિને ભવિષ્યલક્ષી શિક્ષણ સજ્જતાથી સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ અને સમયસરની પહેલ ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે, વિકસિત ગુજરાત - ૨૦૪૭નો જે રોડમેપ સંકલ્પરે તૈયાર કર્યો છે તેમાં રિઝલ્ટ ઓરિએન્ટેડ કામ કરવા આપન માઈન્ડથી આગળ વધવું છે. આ રોડમેપ માટે સરકાર ફેકિસબલ છે અને લોકોના સાચા સૂચનો મળે તો તેને અનુરૂપ કાર્યપદ્ધતિ માટે સરકારનું મન ખુલ્લું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજની યુવાશક્તિ ૨૦૪૭ના વિકસિત ભારત - વિકસિત ગુજરાત માટેનું મહત્વનું વર્ક ફોર્સ છે અને તેના સમયાનુરૂપશિક્ષણકૌશલ્યવર્ધનયુક્ત વિકાસથી જ આવતી કાલની ગુજરાતની સ્પર્ધાત્મકતા નક્કી થશે. મુખ્યમંત્રીશ્રીએ એવું પણ સૂચન કર્યું કે, આ પ્રકારના પરિસંવાદો-ચર્ચાસત્રો ગણે કે છ માસના સમયાંતરે યોજીને રેગ્યુલર મોનેટરીંગ દ્વારા વિકસિત ગુજરાત માટેની દિશા સ્પષ્ટ થઈ શકશે. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારતે વિશ્વ સમક્ષ શક્તિશાળી અને ઝડપી ગતિએ આગળ વધતું રાષ્ટ્ર બન્યું છે. હવે સૌએ સાથે મળીને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત - આત્મનિર્ભર ભારત બનાવવા માટે પ્રતિબદ્ધ થવાનું છે. આ હેતુસર યુવાશક્તિના શિક્ષણ કૌશલ્ય વિકાસ માટે ગ્રિટની આ પહેલ ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. આ એક દિવસીય સેમિનારના વિવિધ ચર્ચા સત્રોનો નિષ્કર્ષ સરકારને વિકસિત ભારત - વિકસિત ગુજરાત માટે વધુ તેજ ગતિથી આગળ વધવાનું બળ આપશે એમ પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું,આર્ટિફિશિયલઈન્ટેલીજન્સ, ડેટા એનાલિટિક્સ, સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમેશન જેવી ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ કરી શકે તે માટે ડિજિટલ સાક્ષરતા અને ટેકનોલોજી આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવું સમયની માંગ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના મલ્ટિડિસિપ્લિનરી અને પ્રાયોગિક શિક્ષણના અભિગમને અનુરૂપ યુનિવર્સિટીઓએ ઉદ્યોગજગત સાથે મળીને અભ્યાસક્રમનું નિયમિત અદ્યતનીકરણ કરવું જોઈએ તેમજ ઈન્ટર્નશિપ અને સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ. સ્થાનિક અર્થતંત્રની જરૂરિયાતોને અનુરૂપ મેન્યુફેક્ચરિંગ, કૃષિ, મરીન ઈન્ડસ્ટ્રી, પ્રવાસન અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં યુવાનોને કૌશલ્યબદ્ધ બનાવી તેમની રોજગારક્ષમતા વધારવા સૌના સહિયારા પ્રયાસો આવશ્યક છે. આ પ્રસંગે નીતિ આયોગનાં પ્રોગ્રામ ડાયરેક્ટર ડૉ. સોનિયા પંતે 'વિકસિત ભારત માટે ઉચ્ચ શિક્ષણ' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા, કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી શિક્ષણનાં વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સમાં વિકસિત ગુજરાત @2047ના વિઝનને સાકાર કરવા ઉચ્ચ શિક્ષણને ભવિષ્યની કાર્યક્ષમતાની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સંકલન વધારવા તથા રોજગારલક્ષી કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અંગે વિસ્તૃત વિચારમંથન કરવામાં આવ્યું હતું. GRIT નાં CEO સુશ્રી એસ. અપર્ણાએ સ્વાગત પ્રવચન નમાં વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ સાકાર કરવામાંરિજિયોનલ ગ્રોથ હબ સહિતના વિવિધ ઈન્ડિકેટર્સનીવિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગેઉચ્ચ અનેટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ કુમાર તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ કમિશનર હિતેષ રાણા ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના સેક્રેટરી પ્રો. શ્યામા રાથ તથા GRITનાં જોઈન્ટ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી સ્તુતિ ચારણ તથા શિક્ષણવિદો અને વિવિધ યુનિવર્સિટીઓના તજજ્ઞો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લાને નવા વર્ષની ભેટ: મુખ્યમંત્રીના હસ્તે રૂ.૩૭.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત છ માળના જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ કરાયું

જિલ્લાના નાગરિકો માટે આ મહત્વપૂર્ણ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ રહી

મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ જિલ્લા પંચાયત ભવનની મુલાકાત લઈ નાગરિકો માટેની સુવિધાનું નિરિક્ષણ કર્યું

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ સહિત જિલ્લા પંચાયત સભ્યો, પાલિકા પ્રમુખો અને સંગઠનના હોદેદારો સાથે ફોટો સેશન કરાવ્યું

દરેક અધિકારી- કર્મચારીઓ માટે એક જ કાર્ય મંત્ર છે, નાગરિક દેવો ભવઃ - મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ



આ ભવન સેવાનું કેન્દ્ર બને અને સામાન્ય નાગરિકોને વધુમાં વધુ સીધા સેવાનો લાભ મળે એ જરૂરી: નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્, વલસાડ

"રાજ્ય સરકાર દ્વારા અત્યારે જે પણ ભવન બનાવવામાં આવી રહ્યા છે તે ખૂબ જ સુવિધાસભર બનાવવામાં આવી રહ્યા છેપણઆ સુવિધા આપણા માટે નથી, પણ લોકો માટેઆ સુવિધાયુક્ત ભવન બનાવ્યા છે." એમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વલસાડ જિલ્લા પંચાયત ભવનના લોકાર્પણપ્રસંગે જણાવ્યુંહતું. રૂ. ૩૭.૫૦ કરોડના ખર્ચેનવનિર્મિત છ માળના વલસાડ જિલ્લા પંચાયતના આધુનિક અને સુવિધા સભર ભવનના લોકાર્પણ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને સંબોધી મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, દરેક માટે એક જ કાર્ય મંત્ર છે, નાગરિક દેવો ભવ:. અહીંભવનમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે.સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસની સાથે સૌનો વિશ્વાસ પણ મહત્વનો છે. આપણા પર સામાન્ય નાગરિકોનો વિશ્વાસ ટકીરહે તેવું કામ કરવાનું છે. અહીં આવતા કોઈપણ સામાન્ય નાગરિકનું કામ અટકવું ન જોઈએ, જે પણ મુશ્કેલી લઈને નાગરિક આવ્યો હોય તે દૂર કરી આનંદ સાથે પરત કરવો જોઈએ એવું મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું વધુમાં તેમણે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ અને તેમની સમગ્ર ટીમ તેમજ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને નવા ભવન માટે અભિનંદન પાઠવ્યા હતા. નૂતન વર્ષ પૂર્વે વલસાડ જિલ્લાની જનતાને જિલ્લા પંચાયતના નવા ભવનની ભેટ આપવાના પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, આ જિલ્લા પંચાયત ભવન નાગરિકોની સેવાનું કેન્દ્ર બને તેમહત્વનું છે. આ સેવાની વ્યવસ્થા સામાન્ય નાગરિકોમાટે કરાઈ છે. જેનો વધુમાં વધુ લાભ લોકોને મળે એવી આશા રાખું છું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલે આ ભવ્ય ભવનમાં દિવાંગો, બાળકો, સિનિયર સિટીઝન અને અધિકારી- કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવાયેલી સુવિધાનો ચિતાર મુખ્યમંત્રીશ્રીને આપી વધુમાં જણાવ્યું કે, અહીં એક જ ભવનમાં વિવિધ કચેરી હોવાથી નાગરિકોને સરકારી કામકાજ માટે અલગ-અલગ કચેરીઓમાં જવું પડશે નહિ. વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે, વહીવટી કામગીરી વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે. એસટી ડેપો અને રેલવે સ્ટેશન પણ અહીં નજીક હોવાથી લોકો પગપાળા પણ આવી શકી છે. અધિકારી- કર્મચારીઓના માઈન્ડ રિફ્રેશ માટે ઈન્ડોર ગેમ્સનું પણ આયોજન કરાયું છે. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ તેમજ જિલ્લાના સર્વ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયતનો નવા ભવનનું લોકાર્પણ કરી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતની ચેમ્બર અને કોન્ફરન્સ હોલની મુલાકાત લઈ નાગરિકો માટે જરૂરી સુવિધાનું નિરિક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ સહિત જિલ્લા પંચાયત સભ્યો, પાલિકા પ્રમુખો અને સંગઠનના હોદેદારો સાથે ફોટો સેશન કરાવ્યું હતું.આ આધુનિક જિલ્લા પંચાયત ભવનની સૌથી મોટી વિશેષતા એ છે કે, જિલ્લા કક્ષાની વિવિધ પંચાયત કચેરીઓનેએક જ સંકુલમાં કાર્યરત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

બોગસ ડોકટરો સામે આરોગ્ય મંત્રી એકશન મોડમાં : ૧૫ દિવસની મેગા ડ્રાઈવમાં ૩૮ બોગસ ડોકટરો ઝડપાયા, ૩૫ સામે FIR :- આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્,
નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ અને ડિગ્રી વગરના લેભાગુ ડોકટરો સામે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ આરોગ્યવિભાગ દ્વારા રાજ્યવ્યાપી કડક કાર્યવાહી છાશ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો અને આરોગ્ય કમિશનર શ્રી રતનકંવર ગઢવી ચારણ સહિતના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ છેલ્લા ૧૫ દિવસથી સમગ્ર રાજ્યમાં એક ખાસ મેગા ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ મેગા ડ્રાઈવની વિગતો આપતાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં ૨૯૮ ટીમો રચવામાં આવી હતી, જેણે સતત ૧૫ દિવસસુધી વિવિધવિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરી હતી. અમદાવાદ, સુરત, રાજકોટ સહિત તમામ જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, SOG અને આરોગ્ય વિભાગે સંયુક્તપણે આ ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન કુલ ૩૮ શંકાસ્પદ બોગસ ડોકટરો ઝડપાયા છે, જેમાંથી ૩૫ અનધિકૃત ડોકટરો સામે એફ.આઈ.આર. (FIR) નોંધીને કાયદાકીય કાર્યવાહી કરવામાંઆવી છે. આ ડ્રાઈવ અંતર્ગત રાજકોટમાં સૌથી વધુ ૧૭ બોગસ ડોકટરો, સુરતમાં ૦૮, ગીર સોમનાથમાં ૦૩, સુરેન્દ્રનગરમાં ૦૨ અને બાકીના વિસ્તારોમાં ૧-૧ એમ મળીને કુલ ૩૫ બોગસ ડોકટર સામે કાયદાકીય શિકંજો કસાયો છે તેમ મંત્રી શ્રીએ જણાવ્યું હતું. મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, સરકારના અગાઉના દિશાનિર્દેશો અને ઠરાવ મુજબ બોગસ ડોકટરોની બદૌલે ડામી દેવા માટે જિલ્લાવાર સભ્યોની ખાસ કમિટી રચવામાં આવી છે. આ કમિટી બાતમીદારોના માધ્યમથી સક્રિય રહીને દરોડાની કાર્યવાહી કરી રહી છે. આ સમિતિમાં તાલુકા હેલ્થ ઓફિસર (THO), મેડિકલ હેલ્થ ઓફિસર, સંબંધિત વિસ્તારના પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI), પોલીસ હેડ કોન્સ્ટેબલ, મલ્ટીપર્પસ હેલ્થ સુપરવાઈઝર, તાલુકા હેલ્થ કચેરીના સિનિયર ક્લાર્ક તેમજ સંબંધિત ગામ કે વિસ્તારના તલાટી-કમ-મંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મેગા ડ્રાઈવ દરમિયાન જ્યારે આરોગ્યવિભાગ અને પોલીસની સંયુક્ત ટીમ દરોડા પાડવા પહોંચી, ત્યારે કેટલાક લેભાગુ તત્વો અગાઉથી જ પોતાના ક્લિનિક અનેદવાખાનાં બંધ કરીને જતા રહ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જોકે, કાયદાની આંખોથી બચીને ભાગેલા આ કાયદાના કડક સકંજામાં લાવવા માટે આરોગ્યએ અને પોલીસ વિભાગ દ્વારા સઘન શોધખોળ અને વિશેષ સર્વેલન્સની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવી છે. આરોગ્ય મંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આગામી દિવાળી અને તહેવારોના દિવસો બાદ પણ બોગસ તબીબો વિરુદ્ધની આ ઝુંબેશ વધુ સક્રિયપણે ચાલુ રહેશે. રાજ્યના કોઈપણ ખૂણે એક પણ બોગસ ડોક્ટર નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં ન કરી શકે તેવો આરોગ્ય વિભાગનો મક્કમ નિર્ધાર છે. આ સંદર્ભેવિભાગ દ્વારા તમામ જાગૃત નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) અને સ્થાનિક શ્રેષ્ઠીઓનેઅપીલ કરવામાં આવી છે કે જોતેમના વિસ્તારમાં કોઈ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે પ્રેક્ટિસ કરતું શંકાસ્પદ શખ્સ જણાય, તો તુરંતજ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC/CHC), પોલીસ સ્ટેશન અથવા એસ.ઓ.જી. (SOG) નેજાણ કરવી. સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્યકેન્દ્રો (CHC) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) ખાતે નિઃશુલ્ક સારવાર, ગુણવત્તાયુક્ત દવાઓ અને નિદાન માટેના તમામ લેબોરેટરી ટેસ્ટ ઉપલબ્ધ છે. જો નાગરિકો ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા ઈચ્છતા હોય, તોપણ માત્ર માન્ય ડિગ્રી જેમ કે MBBS, આયુર્વેદ, હોમિયોપેથી કે સરકાર માન્ય મેડિકલ કોર્સ ધરાવતા તબીબોની પાસે જ દવા લેવી હિતાવહ છે. ડિગ્રી વગરના લેભાગુ અને અણઘડ તત્વો પાસે સારવાર કરાવવાથી માનવ શરીરને ક્રાયમી નુક્સાન પહોંચી શકે છે અને દર્દીના અમૂલ્ય જીવનું જોખમ પણ ઊભું થઈ શકે છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુંહતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વલસાડમાં 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું લોકાર્પણ

પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો માટે મળશે બજાર



કમલમ્, વલસાડ
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને પ્રાકૃતિક કૃષિ પેદાશોને લોકો સુધી પહોંચાડવાના ઉમદા હેતુથી વલસાડના તિથલ રોડ ખાતે નવનિર્મિત 'પ્રભા પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું નામાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ શોપનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં ઉપલબ્ધ ઉત્પાદનો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. આ શોપને એકમોડલ સેન્ટર તરીકે શરૂ કરવામાં આવી છે, જ્યાં પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવેલી તાજી શાકભાજી, ફળો, અનાજ અને મધ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, આ શોપમાં પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સામગ્રી જેવી કે 'ઘન જીવામૃત', 'ગોમૂત્ર', 'બીજામૃત' અને 'જીવામૃત' પણ ખેડૂતો અને ગ્રાહકોના વેચાણ માટે મૂકવામાં આવ્યા છે.

પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત પેદાશોને યોગ્ય વેચાણ વ્યવસ્થા અને બજાર ઉપલબ્ધ થાય તેમજ નાગરિકોને ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સરળતાથી મળી રહે તે દિશામાં આ કેન્દ્ર મહત્વપૂર્ણ બની રહેશે. આ પહેલથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળવાની સાથે પ્રાકૃતિક ખેતી અંગે લોકોમાં જાગૃતિ પણ વધશે. જિલ્લા કલેક્ટર નિત્તિન સાંગવાને મુખ્યમંત્રીશ્રીને માહિતી આપી હતી કે, આ વલસાડ જિલ્લામાં સ્થાપિત કરવામાં આવનાર ૧૦ કિઓસ્ક (Kiosks) ની યોજનાનો એક ભાગ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનોમાટેએક મજબૂત સંસ્થાય ચેઈન ઉભી કરવાનો છે, જેથી ઉત્પાદનથી લઈને સીધા ગ્રાહકો સુધી વેચાણની પ્રક્રિયા સરળ બની શકે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના યોગ્ય ભાવ મળી રહે. આ કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જીલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારત હાલમાં ઝડપથી પોતાનો વૈશ્વિક વેપાર વિસ્તાર વધારી રહ્યું છે. હાલમાં ભારતે ૩૮ દેશો સાથે ૯ મુક્ત વેપાર કરારો (FTAs) કર્યા છે. આ વધતા નેટવર્કથી ગુજરાતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ ક્ષેત્રને મોટો આર્થિક લાભ થવાની પૂરી શક્યતા છે. આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન યોજાનાર ૧૧મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS 2027) માં આ મહત્વપૂર્ણ વેપાર કરારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સમિટમાં વિશેષ સત્રો દ્વારા ગુજરાતની મજબૂત ઓદ્યોગિક ઈકોસિસ્ટમને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ પૂર્વે વિવિધ ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે. આ ઈવેન્ટમાં રોકાણો આકર્ષવાથી લઈને ભારતીય ઉત્પાદકોની વેપાર ક્ષમતા અને સ્પર્ધા વધારવા સુધીના તમામ ક્ષેત્ર આવરી લેવામાં આવશે. છેલ્લા બે દાયકાથી વધુ સમયથી યોજાતી ગુજરાત સરકારની આ ફ્લેગશિપ ઈવેન્ટ દેશ-વિદેશના રોકાણકારો અને સરકારો વચ્ચે વૈશ્વિક ભાગીદારી પ્રોત્સાહિત કરવા માટે તથા જ્ઞાનનું આદાન-પ્રદાન અને સહયોગ વધારવા માટેનું એક મહત્વપૂર્ણ મંચ બની ગયું છે. વર્તમાન વૈશ્વિક સ્થિતિ અને સપ્લાય ચેઈનના બદલાતા પ્રવાહો વચ્ચે, વેપાર કરતા દેશો વચ્ચેના FTAs બંને પક્ષો માટે લાભદાયી સ્થિતિનું નિર્માણ કરે છે. FTAs એક એવા વ્યૂહાત્મક પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જે અર્થતંત્રોને રોકાણ આકર્ષવામાં, ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં અને ગ્લોબલ વેલ્યુ ચેઈન (GVC) સાથે જોડાવામાં મદદ કરે છે. નવી પેઢીના આ વેપાર કરારો માત્ર ટેરિફ ઘટાડવા પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે અવર-જવર, ડિજિટલ વેપાર, સ્થિરતા, નવા સંશોધન અને રેગ્યુલેટરી સહયોગને પણ આવરી લે છે. હવે ભારતનું મુખ્ય ધ્યાન આ કરારોનો અસરકારક ઉપયોગ કરવા, નિકાસમાં વૈવિધ્યતા લાવવા અને પ્રેફરન્શિયલ માર્કેટ એક્સેસનો લાભ જમીની સ્તરે બિઝનેસ સુધી પહોંચાડવા પર છે. ગુજરાત ભારતનું સૌથી મોટું એક્સપોર્ટ પાવરહાઉસ છે. ગુજરાત તેના વૈવિધ્યસભર ઔદ્યોગિક આધાર, વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સ, મજબૂત ઉદ્યોગસાહસિકતા, વિશ્વસ્તરીય બંદરોનુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લાંબા સમયથી નિકાસ-લક્ષી વલણને કારણે ગુજરાત FTA-આધારિત વૃદ્ધિનો મુખ્ય લાભાર્થી બનવા માટે શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. ગુજરાત ભારતની કુલ માલ-સામાનની નિકાસમાં આશરે ૨૫% હિસ્સો ધરાવે છે, જેનાથી ગુજરાત દેશનું સૌથી મોટું નિકાસકાર રાજ્ય બન્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ગુજરાતે US$ 110.6 અબજની કિંમતની વસ્તુઓની નિકાસ કરી હતી. ગુજરાતની નિકાસ FY 2013-14માં રુપિયા ૪.૪૪ લાખ કરોડ હતી, જે FY 2025-26માં વધીને રુપિયા ૯.૭૭ લાખ કરોડ પર પહોંચી છે, એટલે કે આ સમયગાળા દરમિયાન નિકાસ બમણીથી પણ વધુ વધી છે. ગુજરાત પહેલાથી જ ભારતના FTA દેશોને US$ 37.8 અબજની કિંમતનો માલસામાન નિકાસ કરે છે, જે રાજ્યની કુલ નિકાસના લગભગ ૩૪% જેટલો ભાગ ધરાવે છે. મુખ્ય મુક્ત વ્યાપાર સમજૂતી ધરાવતા ભાગીદાર દેશોના બજારોમાં ગુજરાત સંબંધિત ક્ષેત્રોની કુલ આયાત માંગે S $1.08 ટ્રિલિયનથી પણ વધુ છે, જે કોઈપણ ભારતીય રાજ્ય માટે ઉપલબ્ધ નિકાસ માટેની તકનો સૌથી મોટો સ્રોત છે. ભારતનું વિસ્તરતું FTA નેટવર્ક નિકાસકારોને અનેક બજારો સાથે જોડે છે. આ વિસ્તરણને દેશના વધતા જતા નિકાસ આધારનો મજબૂત ટેકો મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં, સંયુક્ત માલ-સામાન અને સેવાઓની નિકાસ US$ 863.1 અબજની રેકોર્ડ સપાટીએ પહોંચી હતી, જેમાં US$ 441.8 અબજની માલ-સામાનની નિકાસ સામેલ હતી. માલ-સામાન નિકાસની આ ઝડપ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પણ ચાલુ રહી છે. એપ્રિલ-જૂન ૨૦૨૬ દરમિયાન, સંયુક્ત નિકાસ US $ 232.37 અબજ હોવાનો અંદાજ હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૧૧.૩૭%નો વધારો દર્શાવે છે. છેલ્લા એક દાયકામાં ભારત એક નિર્ણાયક અને વિશ્વસનીય વૈશ્વિક વેપાર ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. આધુનિક, ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ અને નવી પેઢીના મુક્ત વેપાર કરારો દ્વારા ભારત વૈશ્વિક વેપારને નવી દિશા બતાવી રહ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારત-મોરિશિયસ વચ્ચે વ્યાપક આર્થિક સહયોગ અને ભાગીદારી કરાર કરવામાં આવ્યા, ફેબ્રુઆરી ૨૦૨૨માં ભારત-સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) કરવામાં આવ્યા, તો એપ્રિલ ૨૦૨૨માં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આર્થિક સહયોગ અને વેપાર કરાર (ECTA) કરવામાં આવ્યા. આ કરારો ભારતની વધતી વૈશ્વિક ભૂમિકાના પુરાવા છે. એટલું જ નહીં, ભારતે માર્ચ ૨૦૨૪માં સ્વિટ્ઝરલેન્ડ, નોર્વે, આઈસલેન્ડ અને લિચટેન્સ્ટાઈનને સમાવતા ચાર દેશોના યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) સાથે ભારત-EFTA વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) પર હસ્તાક્ષર કર્યા હતા. જુલાઈ ૨૦૨૫માં ભારત-બ્રિટન વચ્ચે આર્થિક અને વેપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૫માં ભારત-ઓમાન વચ્ચે આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર થયા હતા, જ્યારે જાન્યુઆરી ૨૦૨૬માં ભારત-યુરોપિયન યુનિયન (EU) મુક્ત વેપાર કરા ની વાટાઘાટો પૂર્ણ થઈ હતી, તો એપ્રિલ ૨૦૨૬માં ભારત-ન્યૂઝીલેન્ડ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિઓ વૈશ્વિક વેપારમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ તમામ મુક્ત વેપાર કરારો ભારતની આર્થિક ક્ષમતા અને દેશમાં રહેલી વ્યાપક સંભાવનાઓ પર વૈશ્વિક સમુદાયની મહોર સમાન છે. આ કરારોનો લાભ આપણા ઉદ્યોગસાહસિકો અને મહિલાઓના નેતૃત્વ હેઠળના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MS ME) ને પણ મળશે. આ કરારો આપણા ઉદ્યોગસાહસિકો અને MS MEs ને કાપડ (ટેક્સટાઈલ), ચામડાના ઉત્પાદનો અને હસ્તકળા જેવી વસ્તુઓ સ્પર્ધાત્મક અને વાજબી કિંમતો પર નિકાસ કરવા માટે સક્ષમ બનાવશે. આ મુક્ત વેપાર કરારો ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમ માટે અનેક રીતે લાભદાયી સાબિત થવાના છે. ગુજરાતના મુખ્યત્વે કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, મરીન પ્રોડક્ટ્સ અને એગ્રો-પ્રોસેસ્ડ ફૂડ, જેમ્સ અને જ્વેલરી, ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ્સ તેમજ એન્જિનિયરિંગ અને ઓટોમોબાઈલ ઉત્પાદનો જેવા અનેક ઉદ્યોગોને મોટો ફાયદો થશે. આ કરારો પરંપરાગત આરોગ્ય અને વેલનેસ સિસ્ટમ માટે પણ લાભદાયી સાબિત થશે. આ મુક્ત વેપાર કરારો વૈશ્વિક સ્તરે ડિજિટલ સેવાઓ અને એઆઈ (AI) ઈકોસિસ્ટમને મજબૂત કરશે. આ કરારોથી રોકાણ આકર્ષવામાં મદદ મળશે અને મુક્ત વેપાર કરારના ભાગીદાર દેશો તેમજ તમામ હિતધારકોને આ કરારના લાભ થશે. ગુજરાત માટે મુક્ત વેપાર કરારો એક મોટી તક છે, જેના દ્વારા રાજ્ય એક અગ્રણી નિકાસકાર રાજ્યથી આગળ વધીને વિશ્વના સૌથી વધુ સંકલિત (ઈન્ટિગ્રેટેડ) મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગ સેન્ટર્સમાં સામેલ થઈ શકે છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદની સચોટ સારવાર

વાલીઓએ પોતાના નાના બાળકોની પ્રવૃતિઓ અને રમતગમત પર સતત ધ્યાન રાખવું.. :- ડૉ. રાકેશ જોષી, તબીબી અધીક્ષક, સિવિલ હોસ્પિટલ




કમલમ્,

કચ્છના શ્રમિક દંપતીની ૩ વર્ષીય પુત્રીને તેના ૫ વર્ષીય ભાઈ સાથે રમતા રમતા અકસ્માતે તીક્ષ્ણ વસ્તુ (કાતર) વાગવાથી છાતીના ભાગમાં ઘા વાગવાની ગંભીર ઈજા (પેનિટ્રેટિંગ ચેસ્ટ ટ્રોમા) થઈ હતી. આ ઘટના ૨૯ ઓક્ટોબરે સવારે આશરે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. ઘટના બાદ બાળકીને તાત્કાલિક સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને ત્યાંથી વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રીફર કરવાની જરૂરિયાત હતી. પરિવારે ગાંધીધામની ખાનગી હોસ્પિટલનો સંપર્ક કર્યો જ્યાં સીટી સ્કેન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૯ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૦ વાગે બાળકીને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી અને તુરંત જ તેને સર્જરી માટે લેવામાં આવી હતી. પેડિયાટ્રિક સર્જરી વિભાગના પ્રોફેસર અને હેડ ડૉ. રાકેશ જોષીના માર્ગદર્શન હેઠળ, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કાશ્વી અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મૃણાલિનીના નેતૃત્વ હેઠળ એનેસ્થેટિસ્ટ અને અન્ય તબીબોની ટીમ દ્વારા સર્જરી કરીને કાતર સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી.

ઓપરેશન બાદ બાળકી હાલમાં સ્થિર છે અને તેને ટૂંક સમયમાં રજા આપવામાં આવનાર છે. તબીબી નિષ્ણાતોના મતે, જો આ કાતર એક ઈંચ પણ ઉપર કે સાઈડ પર જાત તો તે શ્વાસનળીને ઈજા કરી શકત, અથવા ફેફસાને અને બે પાંસળી વચ્ચે ઈજા પહોંચાડી શકત જેનાથી ભારે રક્તસ્ત્રાવ થઈ શકત. બાળકી નાની હોવાને કારણે ફોર્સ ઓછો લાગ્યો હતો જેથી હાડકાને ક્રોસ કરી શકી નહોતી અને બાળકી સુરક્ષિત રહી છે. જો કાતર વધુ અંદર જઈને હાડકાને ક્રોસ કરી દીધી હોત તો ધોરી નસો અને શ્વાસનળીને ગંભીર ઈજા પહોંચી શકી હોત અને આવા કેસમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની શકે છે. ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે વાલીઓએ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે પોતાના બાળકો શેનાથી રમે છે. બાળકો શું કરે છે તેના પર તેમણે સતત નજર રાખવી જોઈએ. ૫ વર્ષના બાળકને અજાણતા ખબર ન હોય કે આવી વસ્તુઓથી કેટલી હાની થઈ શકે છે. બાળકને અચાનક શ્વાસ લેવામાં તકલીફ જણાય તો સત્વરે તબીબી માર્ગદર્શન મેળવવું જોઈએ.

'વોકલ ફોર લોકલ' પ્રકાશ-પર્વએ સ્થાનિક ઉત્પાદનોની ખરીદી કરી સ્વસહાય જૂથોની બહેનોના જીવનમાં ઉજાસ પાથરીએ

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીએ દિવાળી- ૨૦૨૬ નિમિત્તે "હેમ્પર્સ ઓફ લાઇટ એન્ડ લાઇવલીહૂડ"- વિશેષ ગિફ્ટ કલેક્શન રજૂ કર્યું



કમલમ્,

રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (GLPC) દ્વારા દિવાળી ૨૦૨૬ માટે વિશેષ ગિફ્ટિંગ કલેક્શન "Hampers of Light & Livelihood" રજૂ કરવામાં આવ્યું છે. આપણી માટીની સુવાસ અને કલાત્મક કારીગરીને પ્રોત્સાહન આપતા આ હેમ્પર્સ અમદાવાદ, જૂનાગઢ, કચ્છ, ભાવનગર, આણંદ, ગીર સોમનાથ, જામનગર, સુરત, વલસાડ, પાટણ અને બનાસકાંઠાના મહિલા સખી મંડળો અને સ્વસહાય જૂથોના કૌશલ્યને ઉજાગર કરે છે. વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના આહ્વાનને સાકાર કરવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલા આ પ્રકલ્પને વર્ષ ૨૦૨૫માં બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. સ્વસહાય જૂથોના બહેનોએ તૈયાર કરેલા આ હેમ્પર્સના વેચાણ થકી અંદાજિત ૧ કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ હતી. ગયા વર્ષની સફળતાને ધ્યાનમાં રાખીને આ વર્ષે કુલ ૩૨ જેટલા સ્વસહાય જૂથો દ્વારા નવીનતાસભર ગિફ્ટ હેમ્પર્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ દિવાળી શ્રેણીમાં પરંપરાગત હસ્તકલા અને સ્વદેશી બનાવટનો અદભુત સમન્વય જોવા મળે છે. આ કલેક્શનમાં દરેકની પસંદગી અને જરૂરિયાતને અનુરૂપ અનોખી ભેટ ઉપલબ્ધ છે. આ વિશિષ્ટ હેમ્પર્સ સ્વદેશી કારીગરી અને સ્થાનિક ઉત્પાદનોને દિવાળીની ઉજવણી સાથે સાંકળે છે. આ સ્થાનિક ઉત્પાદનો પ્રકૃતિના જતન માટે પ્રેરે છે અને પર્વની ઉજવણીને વધુ અર્થપૂર્ણ બનાવે છે. 'ગૌમાતા' અને કૃષિ સમૃદ્ધિનો સંદેશ આપતા જૂનાગઢના ગિરિરાજ સ્વસહાય જૂથ દ્વારા પંચગવ્ય દીવા, દિવ્ય ધૂપ અને શુદ્ધ ગીર ગાયના ઘીથી સુસજ્જ ગૌમાતા પંચપ્રસાદમ તૈયાર કરાયા છે. આ ઉપરાંત, સ્થાનિક ખેડૂતો અને મહિલાઓ દ્વારા બનાવાયેલી હાર્વેસ્ટ ઓફ હેલ્થ અને પ્યોરલી ઓર્ગેનિકા સીરીઝ હેઠળ શુદ્ધ મધ, ઓર્ગેનિક હળદર, હર્બલ ટી, બોડી ડિટોક્સ પાવડર અને પૌષ્ટિક મિલેટ્સમાંથી બનેલા દેશી નાસ્તા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ગુજરાતની વણાટકામ અને હસ્તકળાની વિરાસતથી આ પર્વની ઉજવણીને ભાતીગળ બનાવવા માટે કચ્છ હેરિટેજ, ધ રોયલ વિવ અને ધ વોવન હેરિટેજ જેવા સ્વદેશી કલેક્શન લોન્ચ કરવામાં આવ્યા છે, જેમાં વિશ્વપ્રસિદ્ધ અજરખ પ્રિન્ટ, ઝીણવટભર્યું કચ્છી અને સૂફ ભરતકામ, આર્ટ ફ્રેમ્સ તેમજ પટોળા સ્ટોલનો સમાવેશ થાય છે. પ્રકૃતિના જતનનો સંદેશ આપતા પ્રકૃતિ અને ટેરા હેરિટેજ કલેક્શન હેઠળ નાળિયેરની કાચલીમાંથી નિર્મિત ઈકો-ફ્રેન્ડલી કટલરી, માટીના કલાત્મક વાસણો, લિપણ આર્ટ અને ઓર્ગેનિક પર્સનલ કેર પ્રોડક્ટ્સ જેવી ઈકોફ્રેન્ડલી વસ્તુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આકર્ષક અને ગુણવત્તાસભર દિવાળી હેમ્પર્સની કિંમત રૂ.૫૦૦ થી રૂ.૪,૫૯૯ (શિપિંગ ચાર્જ અને જીએસટી અલગ) સુધીની છે. વિવિધ સંસ્થાઓ અને નાગરિકો સંબંધિત સખી મંડળના પ્રતિનિધિઓનો સંપર્ક કરી સ્વદેશી ઉત્પાદનોના ઓર્ડર આપી શકે છે.

આ દિવાળીએ માત્ર ભેટ નહીં, પરંતુ સ્વદેશી કારીગરોને પ્રોત્સાહન, મહિલા સશક્તિકરણને સમર્થન અને ગ્રામ્ય પરિવારોની આજીવિકામાં યોગદાનનો સંકલ્પ કરીએ.

"જનજાતિ ગૌરવ સપ્તાહ" અંતર્ગત, બારડોલી ખાતે આદિવાસી મોરચા ની જીલ્લા સ્તરીય કારોબારી બેઠક મળી

કમલમ્,

બારડોલી સરદાર પટેલ ટાઉન હોલ ખાતે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી આદિવાસી મોરચાની જિલ્લા કારોબારી બેઠક મળી હતી. ભારતીય જનતા પાર્ટી - ગુજરાત નિર્દેશિત, ભગવાન શ્રી બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મ જયંતિ નિમિત્તે, તારીખ : ૧૧ નવેમ્બર થી ૧૮ નવેમ્બર - ૨૦૨૬ સુધી "જનજાતિ ગૌરવ સપ્તાહ - ૨૦૨૬" ઉજવણી અને ભગવાન શ્રી બિરસા મુંડાજીના જન્મ દિવસ, તારીખ : ૧૫ નવેમ્બર ના રોજ "જનજાતિ ગૌરવ દિવસ" અંતર્ગત વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે, પ્રદેશ આદિજાતિ મોરચાના પ્રમુખ શ્રી ગણપતભાઈ વસાવાના માર્ગદર્શન અનુસાર, અને જિલ્લા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડની અધ્યક્ષતા હેઠળ, આદિવાસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ તથા માંગરોળ વિધાનસભાના ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાજી, માંડવી વિધાનસભાના ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિજી, સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, ઉપપ્રમુખ ઉમેદભાઈ, દીપક ભાઈ વસાવા, તેમજ સુરત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડજીની ઉપસ્થિતિમાં જિલ્લાની સંગઠનાત્મક બેઠક મળી હતી. આ બેઠક જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે ગણપત ભાઈ વસાવા એ પ્રાસંગિક ઉદબોધન કરી આગામી દિવસોમાં આવનારા વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા તથા આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, મહામંત્રીશ્રી જગદીશભાઈ પારેખ, રોહિત ભાઈ પટેલ, અંકુર ભાઈ દેસાઈ, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, મોટી સંખ્યામાં આદિવાસી મોરચાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



અમદાવાદમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સેવકથી આચાર્ય સુધીના ૧૪૩ નિવૃત્ત કર્મચારીઓનું ભવ્ય સન્માન

આયોજિત સન્માન સમારોહમાં ૧૪૩ નિવૃત્ત કર્મચારીઓએ ઊર્જા અને જળ બચતની સામૂહિક પ્રતિજ્ઞા લઈ સમાજને આપ્યો પ્રેરણાદાયી સંદેશ



કમલમ્,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ શહેર (પૂર્વ) અને (પશ્ચિમ) દ્વારા અમદાવાદ શહેરની તમામ સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં સેવકથી આચાર્ય સુધીના વિવિધ સંવર્ગમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા કર્મચારીઓનો સન્માન સમારોહ બ્લાઈન્ડ પીપલ એસોસિએશન, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કુલ ૧૪૩ જેટલા નિવૃત્ત કર્મચારીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કચેરી દ્વારા નિવૃત્તિના દિવસે જ કર્મચારીઓને મળવાપાત્ર તમામ નાણાકીય લાભો મળી રહે તે માટે કરવામાં આવતી સુવ્યવસ્થિત કામગીરીની વિશેષ સરાહના કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગતવિધિથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ ભાવસભર પ્રસ્તુતિએ ઉપસ્થિત સૌ કોઈને ભાવવિભોર કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા દિવ્યાંગ બાળકોને સહાયરૂપ થવા

નિવૃત્તિના અવસરને સેવાકાર્ય સાથે જોડી દિવ્યાંગ બાળકોને રૂ. ૫૦,૦૦૦/- ની રોકડ ભેટ અર્પણ કરાઈ

સ્વૈચ્છિક ભેટ આપવાની અપીલ કરવામાં આવતાં, નિવૃત્ત કર્મચારીશ્રીઓએ ઉત્સાહભેર ઉમદા પ્રતિસાદ આપીને કુલ રૂ. ૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) ની રોકડ રકમની ભેટ દિવ્યાંગ બાળકોને અર્પણ કરી હતી. નિવૃત્તિના આવા પવિત્ર અવસરને માનવસેવા અને સેવાકાર્ય સાથે જોડવાની આ અનોખી પહેલ ઉપસ્થિત સૌ કોઈ માટે પ્રેરણારૂપ બની રહી હતી. આ ઉપરાંત, ભારત સરકારની ઊર્જા અને જળ બચતની મહત્વપૂર્ણ પહેલને અનુરૂપ ઉપસ્થિત તમામ નિવૃત્ત કર્મયોગીઓએ ઊર્જા બચત અને જળસંરક્ષણ માટેની સામૂહિક પ્રતિજ્ઞા પણ લીધી હતી. આમ, નિવૃત્ત કર્મચારીઓના સન્માનની સાથે-સાથે દિવ્યાંગ બાળકો પ્રત્યેની સંવેદના, માનવસેવા અને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંદેશ આપતો આ સમારોહ સહુના સ્મૃતિપટ પર કાયમ માટે યાદગાર અને પ્રેરણાદાયી બની રહ્યો હતો.

સુરત જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની પ્રથમ કારોબારી બેઠક સંપન્ન

૨૭ ટકા અનામતની મંજૂરી બદ્દલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરાયો



કમલમ્,

ભારતીય જનતા પાર્ટી સુરત જિલ્લા બક્ષીપંચ મોરચાની પ્રથમ જિલ્લા કારોબારી બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં બક્ષીપંચ સમાજના સર્વાંગી વિકાસ, સંગઠન મજબૂતી અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન બક્ષીપંચ સમાજના ઉત્થાન અને વિકાસ માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાજના દરેક વર્ગને સરકારી યોજનાઓનો લાભ મળી રહે અને સંગઠનના કાર્યકર્તાઓ જનસેવાના કાર્યમાં વધુ સક્રિય બને તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બક્ષીપંચ સમાજને ૨૭ ટકા અનામતની જોગવાઈને મંજૂરી આપવામાં આવતાં સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઐતિહાસિક નિર્ણય બદ્દલ સુરત જિલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાત સરકાર પ્રત્યે હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. બેઠકમાં જણાવાયું હતું કે બક્ષીપંચ સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે સરકાર દ્વારા લેવામાં આવતા નિર્ણયો સમાજને નવી દિશા આપશે. અનામતની જોગવાઈથી સમાજના યુવાનોને શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે વધુ તકો પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કારોબારી બેઠકમાં ભાજપ બક્ષીપંચ મોરચાના સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવા અને સરકારની યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. બક્ષીપંચ સમાજના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે અને સમાજના લોકો સરકારની વિવિધ યોજનાઓથી વંચિત ન રહે તે માટે કાર્યકર્તાઓએ સક્રિય ભૂમિકા નિભાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં બક્ષીપંચ મોરચાના દક્ષિણ ઝોન પ્રભારી નીલભાઈ રાવ, સુરત જિલ્લા સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રીઓ જગદીશભાઈ પારેખ, અંકુરભાઈ દેસાઈ અને રોહિતભાઈ પટેલ, સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય કિશનભાઈ પટેલ, સુરત જિલ્લાના પ્રભારી ધર્મેશભાઈ પંચોલી, સુમુલ ડેરીના ડિરેક્ટર બળવંતભાઈ પટેલ, સુરત જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ યોગેશભાઈ મૈસુરીયા, મહામંત્રીઓ જગદીશભાઈ રબારી અને મુકુંદભાઈ પટેલ સહિત જિલ્લા કારોબારીના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સુરત જિલ્લા બક્ષીપંચ મોરચાની પ્રથમ કારોબારી બેઠકમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠિત રીતે કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે, સંગઠનના કાર્યકર્તાઓ જનસેવા માટે સતત કાર્યરત રહે અને બક્ષીપંચ સમાજના ઉત્થાન માટે વધુ અસરકારક પ્રયાસો કરવામાં આવે તે દિશામાં બેઠક મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. આ બેઠક દ્વારા સુરત જિલ્લા બક્ષીપંચ મોરચાએ સંગઠનના કાર્યને વધુ વેગ આપવાની સાથે સમાજના વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

નળસરોવર ખાતે વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ માટે લાઈફ સેવિંગ તાલીમ કાર્યક્રમનું આયોજન

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા NIWSના સહયોગથી સ્થાનિક બોટિંગ ઓપરેટર્સને જળસલામતી અને જીવનરક્ષક તકનીકોની તાલીમ અપાઈ

કમલમ્, અમદાવાદ

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વૉટર સ્પોર્ટ્સ (NIWS) ના સહયોગથી નળસરોવર સંકુલ, અમદાવાદ ખાતે વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ માટે 'લાઈફ સેવિંગ ટેકનિક્સ – વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ (LST-WS)' તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ નળસરોવર ખાતે બોટિંગ અને વૉટર સ્પોર્ટ્સની કામગીરી સાથે સંકળાયેલા સ્થાનિક ઓપરેટર્સને જળસલામતી, જીવનરક્ષક તકનીકો અને કટોકટીની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરવાનો હતો. તા. ૪ ઑક્ટોબર, ૨૦૨૬થી શરૂ થયેલો આ તાલીમ કાર્યક્રમ તા. ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયો હતો. કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેચમાં તાલીમ આપવામાં આવી હતી અને દરેક બેચ માટે પાંચ દિવસનો તાલીમ સમયગાળો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧૫,૮૭૭ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.


આગામી સમયમાં પ્રવાસીઓની સંખ્યામાં સંભવિત વધારો અને બોટિંગ પ્રવૃત્તિઓમાં વધતી ભાગીદારીને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાલીમ દરમિયાન સ્થાનિક ઓપરેટર્સને પાણીમાં સર્જાતી કટોકટીની પરિસ્થિતિઓ ઓળખવા, ડૂબતી વ્યક્તિને બચાવવા તથા જરૂરિયાતના સમયે તાત્કાલિક જીવનરક્ષક કામગીરી હાથ ધરવા અંગે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જીવનરક્ષક તાલીમનું મહત્ત્વ, લાઈફ ગાર્ડની ફરજો અને જવાબદારીઓ, પાણીમાં ડૂબવાની વિવિધ પરિસ્થિતિઓ અને તેનાં લક્ષણોની ઓળખ, સ્વિમિંગ તથા વોટર રેસ્ક્યુ ટેક્નિક્સ અને પાણીમાં ફસાયેલ વ્યક્તિને સુરક્ષિત રીતે બહાર કાઢવાની પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તાલીમાર્થીઓને CPR (Cardiopulmonary Re-suscitation) અને પ્રાથમિક સારવાર (First Aid) અંગે નિદર્શન સાથે પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. CPR અને પ્રાથમિક સારવારની પ્રાયોગિક કસોટી દ્વારા તાલીમાર્થીઓની કુશળતાનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું આ પહેલ દ્વારા સ્થાનિક



બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સની જીવનરક્ષક તથા કટોકટી વ્યવસ્થાપન ક્ષમતામાં વધારો થશે. પરિણામે નળસરોવર ખાતે બોટિંગ અને અન્ય જળપ્રવૃત્તિઓ દરમિયાન સંભવિત અકસ્માતોનું જોખમ ઘટાડવા તેમજ પ્રવાસીઓ માટે વધુ સુરક્ષિત અને વિશ્વસનીય પ્રવાસન અનુભવ સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. ગુજરાત પ્રવાસન નિગમની આ પહેલ રાજ્યમાં સાહસિક અને જળઆધારિત પ્રવાસન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની સાથે પ્રવાસીઓની સલામતી અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોકભવનના અધિકારીઓ અને કર્મચારીઓને સત્યનિષ્ઠા અને ઈમાનદારીના શપથ લેવડાવ્યા

ભ્રષ્ટાચાર મુક્ત, સમર્થ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન



કમલમ્,

સતર્કતા જાગરૂકતા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ લોકભવનના અધિકારીઓ અને કર્મચારીઓને વહીવટી પ્રવર્તણૂકમાં સત્યનિષ્ઠા, ઈમાનદારી અને કર્તવ્યપરાયણતા જાળવી રાખવાના શપથ લેવડાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સરકારી વહીવટી વ્યવસ્થામાં પારદર્શિતા, નૈતિક મૂલ્યો અને સત્યનિષ્ઠા જ સામાન્ય જનતાના વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે. શપથ ગ્રહણ દરમિયાન લોકભવન પરિવારના દરેક સભ્યએ પોતાની દૈનિક કામગીરીમાં સંપૂર્ણ ઈમાનદારી, નિષ્પક્ષતા અને પારદર્શિતા જાળવવાનો પુનઃસંકલ્પ લીધો હતો. આ તકે જીવનના દરેક ક્ષેત્રમાંથી ભ્રષ્ટાચારને જડમૂળથી નાબૂદ કરવા, નિરંતર સતર્ક રહેવા તેમજ કોઈપણ પ્રકારના ભય કે પક્ષપાત વિના રાષ્ટ્ર સેવાના ભાવ સાથે પોતાના કર્તવ્યોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ પોતાના દૈનિક જીવનમાં નૈતિકતા, સત્યનિષ્ઠા અને પારદર્શિતાના સિદ્ધાંતોને અપનાવીને એક ભ્રષ્ટાચાર-મુક્ત, સમર્થ અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા સંકલ્પ કર્યો હતો.

ભારતીય ડાક સેવાના વર્ષ ૨૦૦૧ બેચના વરિષ્ઠ અધિકારી કૃષ્ણ કુમાર યાદવ બન્યા ગુજરાતના પ્રથમ પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ), ગુજરાતમાં પોસ્ટલ લોજિસ્ટિક્સને મળશે નવી ગતિ

ગુજરાતમાં મેઇલ્સ, પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેલ અને તેની પરિવહન સેવાઓને મળશે નવી ગતિ – પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) કૃષ્ણ કુમાર યાદવ

કમલમ્,

ભારતીય ડાક સેવાના વર્ષ ૨૦૦૧ બેચના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૧ નવેમ્બર, ૨૦૨૬થી ગુજરાત પરિમંડળના નવસર્જિત પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ) તરીકેનો કાર્યભાર સંભાળ્યો. પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ)નું મુખ્ય ધ્યાન મેઇલ્સ, પાર્સલ અને આંતરરાષ્ટ્રીય મેઇલ્સ પર રહેશે. તે મુજબ ગુજરાતમાં સ્થિત તમામ રેલવે મેઇલ સર્વિસ ઓફિસો, ફોરેન પોસ્ટ ઓફિસ, મેઇલ મોટર સર્વિસ તથા પરિવહન સેવાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્યરત રહેશે. નવસર્જિત પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ)ની કચેરી સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ ખાતે કાર્યરત થશે. શ્રી કૃષ્ણ કુમાર યાદવ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ તરીકેની તેમની વર્તમાન જવાબદારી ઉપરાંત પોસ્ટમાસ્ટર જનરલ (લોજિસ્ટિક્સ)નો વધારાનો કાર્યભાર પણ સંભાળશે. આ પ્રસંગે પ્રવર રેલવે મેલ સેવાના પ્રવર અધિક્ષક શ્રી પિયુષ રાજક, સહાયક નિદેશક (લોજિસ્ટિક્સ) શ્રી મહેશ હરન, સહાયક નિદેશક (મેઇલ્સ, પાર્સલ અને આંતરરાષ્ટ્રીય મેઇલ) શ્રી પી. એચ. તપસ્વી સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી યાદવનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે લોજિસ્ટિક્સ રીજનના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી નવી જવાબદારીઓ, કાર્યપ્રણાલી તથા ભાવિ કાર્યયોજના અંગે ચર્ચા કરી હતી. તેમણે લોજિસ્ટિક્સ સેવાઓના સુચારુ સંચાલન, મેઇલ્સ અને પાર્સલના સમયબદ્ધ પ્રોસેસિંગ તથા પરિવહન વ્યવસ્થામાં અસરકારક સંકલનને મુખ્ય પ્રાથમિકતાઓ તરીકે રેખાંકિત કર્યા હતા. તેમણે અધિકારીઓને બદલાતી વ્યાપારી જરૂરિયાતોને અનુરૂપ કાર્ય કરવા, કાર્યક્ષમતા વધારવા તથા ગ્રાહકોને વધુ સારી, વિશ્વસનીય અને ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડવા પર વિશેષ ધ્યાન આપવાના નિર્દેશ આપ્યા હતા. નોંધનીય છે કે ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે પોતાની વહીવટી કારકિર્દીની શરૂઆત ૨૨ જુલાઈ, ૨૦૦૩ના રોજ ગુજરાતમાં સુરત ડાક મંડળના પ્રવર અધિક્ષક ડાક્ઘર તરીકે કરી હતી. પોતાના સેવાકાળ દરમિયાન તેમણે સુરત, લખનઉ, કાનપુર, અંદમાન-નિકોબાર દ્વીપસમૂહ, પ્રયાગરાજ, જોધપુર અને વારાણસી સહિત દેશના વિવિધ પ્રદેશોમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ પર કાર્ય કર્યું છે. હાલમાં પોસ્ટમાસ્ટર જનરલ, ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર તરીકે કાર્યરત શ્રી કૃષ્ણ કુમાર યાદવની તાજેતરમાં જ્યુરોકેટ્સ ઓફ ઈન્ડિયા' દ્વારા 'ટોપ ૨૫ ચેન્જમેકર્સઓફ ૨૦૨૫' માં પણ પસંદગી કરવામાં આવી છે. વિવિધ ભૌગોલિક વિસ્તારો અને વહીવટી એકમોમાં તેમના વ્યાપક અનુભવથી ગુજરાતમાં ડાક્ઘરો અને ગ્રાહકકેન્દ્રિત સેવાઓને નવી દિશા અને ગતિ મળશે. આ પ્રસંગે સહાયક ડાક અધિક્ષક શ્રી કશ્યપ રોય, શ્રી રિઝવાનશેખ, શ્રીઆર. ટી. પરમાર, શ્રી જગદીશ જોડ, શ્રી પરાગ વાસનિક, શ્રી એસ. એન ઘોરી, ડાક નિરીક્ષક શ્રી દક્ષેશ ચૌહાણ, શ્રી વી. કે. પ્રજાપતિ, શ્રી આસિત કુમાર, શ્રી મયંક મૌના, શ્રી યોગેન્દ્ર રોઠોડ, હેડ રેકોર્ડ ઓફિસર શ્રી એચ. જે. મન્સૂરી, પોસ્ટમાસ્ટર કોરોનપોસ્ટ ઓફિસ સુશ્રી હેતલબેન ભટ્ટ સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પદભાર સંભાળતાં જ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે લોજિસ્ટિક્સ રીજનના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી નવી જવાબદારીઓ, કાર્યપ્રણાલી અને ભાવિ કાર્યયોજના અંગે ચર્ચા કરી

મહુવા વિધાનસભા મતવિસ્તારમાં પાણીની સુવિધાઓના આયોજન અને અધૂરાં કામો સંદર્ભે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

ગ્રામ્ય વિસ્તારોની પાણી સંબંધિત સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચના આપતા ધારાસભ્ય



કમલમ્, મયુર પટેલ

મહુવા વિધાનસભા મતવિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધાઓ વધુ સુદૃઢ બનાવવા અને પાણી સંબંધિત પડતર સમસ્યાઓના સમયસર નિરાકરણના હેતુથી મહુવાના ધારાસભ્યશ્રી માં હનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. મહુવા ના અસ્મિતા ભવન ખાતે યોજાયેલી બેઠકમાં મહુવા વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત આવતા મહુવા, અંબિક અને બારડોલી તાલુકાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ, તલાટીશ્રીઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો તેમજ પાણી પુરવઠા વિભાગ અને વાસ્મો તથા તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ત્રણેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા સંબંધિત ઉપલબ્ધ સુવિધાઓ, અધૂરી રહેલી ક્રમગીરીઓ તેમજ અગાઉ કરવામાં આવેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, દરેક ગ્રામ પંચાયત પાસેથી ગામમાં પાણીની કઈ સુવિધાઓની અછત છે, ક્યાં નવી સુવિધાઓ ઊભી કરવાની જરૂરિયાત છે તેમજ કઈ સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું બાકી છે તે અંગેની વિગતો મેળવવામાં આવી હતી. ધારાસભ્યશ્રીએ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધાઓને પ્રાથમિકતા આપી, ગ્રામ પંચાયતો દ્વારા રજૂ કરવામાં આવેલી સમસ્યાઓ અને માંગણીઓ અંગે પાણી પુરવઠા વિભાગ તથા વાસ્મોના અધિકારીઓને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. સાથે જ, જરૂરી આયોજન કરીને બાકી રહેલી કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા અને ગ્રામજનોને પાણીની પૂરતી સુવિધા મળી રહે તે દિશામાં સંકલન સાથે કામગીરી કરવા ભાર મૂક્યો હતો. ધારાસભ્યશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉનાળા કે અન્ય સમયમાં ગ્રામજનોને પાણીની કોઈ મુશ્કેલી ન સામનો ન કરવો પડે તે માટે તમામ સંબંધિત વિભાગો પરસ્પર સંકલન સાધીને યોગ્ય આયોજન કરે અને બાકી રહેલાં પાણી પુરવઠાનાં કામોને નિર્ધારિત સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

ઔડાનો અનોખો હરિત સંકલ્પ: ૫.૩૦ કરોડના ખર્ચે ૩૫ મિલકતો પર ૧ સ્ઉૅ સોલાર પાવર પ્રોજેક્ટનો પ્રારંભ

ગ્રીન એનર્જીથી આત્મનિર્ભરતા તરફ AUDA: વાર્ષિક ૧૨.૭૮ લાખ યુનિટ સૌર વીજળી ઉત્પાદન સાથે થશે ૧.૨ કરોડથી વધુની બચત

કમલમ્,

પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છ ઊર્જાનો સ્વીકાર અને ટકાઉ શહેરી વિકાસની દિશામાં આગળ વધતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. નવીનીકરણીય ઊર્જાના મહત્તમ ઉપયોગ પ્રત્યે કટિબદ્ધતા દર્શાવતા ઔડા દ્વારા તેની માલિકીની વિવિધ મિલકતોમાં **1 MWp (1,000 kWp)** ક્ષમતાનો ગ્રીડ-કનેક્ટેડ સોલાર ફોટો વોલ્ટેઈક **(PV)** પ્રોજેક્ટ અમલમાં મૂકવાનો નિર્ણાયક નિર્ણય લેવાયો છે. ૫.૩૦ કરોડના અંદાજિત રોકાણ સાથે હાથ ધરાયેલો આ સોલારાઈઝેશન પ્રોજેક્ટ જાહેર સુવિધાઓના સંચાલનમાં ઊર્જા-સ્વતંત્રતા અને નાણાકીય કરકસર લાવવાની દિશામાં માર્ગદર્શક સાબિત થશે. આ વ્યાપક પ્રોજેક્ટ હેઠળ ઔડાની ઓળખાયેલી અંદાજે ૩૫ જેટલી વીજ વપરાશ કરતી મિલકતોને સોલાર સિસ્ટમથી સજ્જ કરવામાં આવશે. જેમાંમુખ્ય વહીવટી ઈમારતો, ઓડિટોરિયમ, મણિપુર-ગોધાવી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વિવિધ સ્થળોએ આવેલા પાણી વિતરણ કેન્દ્રો, ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો, જલ જીવન મિશન હેઠળના માળખા અને ગ્રામ્ય ક્ષેત્રના વોટર હેવર્ક્સનો સમાવેશ થાય છે. જે સ્થળોએ ટેકનિકલ અનુકૂળતા હશે ત્યાં રૂફટોપ તથા ગ્રાઉન્ડ-માઉન્ટેડ સોલાર પેનલ્સ સ્થાપિત કરાશે. ખાસ કરીને અવિરત જાહેર સેવાઓ આપતા પાણી પુરવઠા અને પમ્પિંગ સ્ટેશનોમાં વીજળીનો વપરાશ વધુ હોવાથી આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે તેના દ્વારા થનારું સૌર વીજ ઉત્પાદન આ મિલકતોના વર્તમાન વાર્ષિક વીજ વપરાશ કરતાં પણ વધુ હશે. આ સોલાર સિસ્ટમથી દરવર્ષે અંદાજે ૧૨.૭૮ લાખ યુનિટ સ્વચ્છ વીજળી ઉત્પન્ન થવાનો અંદાજ છે, જેની સામે આ ૩૫ મિલકતો નો હાલનો વાર્ષિક વીજ વપરાશ ૧૨.૩૧ લાખ યુનિટ છે. આ ઉત્પાદનથી પરંપરાગત ગ્રીડ વીજળી પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે. નાણાકીય દૃષ્ટિએ પણ આ યોજના અત્યંત સદ્ધર છે, જેનાથી **AUDA**ને પ્રતિ વર્ષ અંદાજે ૧.૨૮ કરોડનો પ્રત્યક્ષ નાણા કીય લાભ થશે. પ્રોજેક્ટનું કુલ રોકાણ માત્ર ૪ વર્ષ અને ૨ મહિનાના ટૂંકા સમયગાળામાં જ વસૂલ **(Pay-back)** થઈ જશે, જેબાદ આગામી વર્ષો સુધી સંસ્થાને મફત ગ્રીન વીજળીનો લાભ મળતો રહેશે. કામગીરીની ગુણવત્તા અને લાંબા ગાળાની વિશ્વસનીયતા માટે પ્રોજેક્ટમાં આધુનિક તકનીકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાર્ષિક દર કરાર **(Annual Rate Contract)** હેઠળ ૬ મહિનાની સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરાશે, જ્યારે ૫ વર્ષ માટે વ્યાપક કામગીરી અને જાળવણી **(O&M)**નો કરાર પણ સામેલ છે. પ્રોજેક્ટની ટેકનોલોજીકલ જોગવાઈઓ:

- રિયલ-ટાઇમ સોલાર જનરેશન ટ્રેકિંગ માટે ઓનલાઈન રિમોટ મોનિટરિંગ સિસ્ટમ **(RMS)**.
- સોલાર ઊર્જાને પ્રાથમિકતા આપતી ઓટોમેટિક સ્વિચઓવર સુવિધા.
- કમિશનિંગ પહેલા શેડો એનાલિસિસ અને ૫ વર્ષ સુધી ન્યૂનતમ ૭૮% પરફોર્મન્સ રેશિયો **(PR)**ની ગેરંટી.

ઔડાનું આ ગ્રીન એનર્જી મિશન માત્ર વીજ બચત કે નાણાકીય લાભ પૂરતું સીમિત નથી, પરંતુ અમદાવાદને સ્વચ્છ, હરિત અને ટકાઉ મહાનગર બનાવવાની દિશામાં એક મજબૂત અને જવાબદાર વહીવટી પગલું છે.

વનપાલ અને બીટગાર્ડ્સના આંદોલનનો આવ્યો સુખદ અંત :- વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

સરકાર હંમેશા નાના કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવા કટિબદ્ધ": વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા



કમલમ્,

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર હંમેશા નાના કર્મચારીઓના હિત અને તેમના પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણયો લેવા માટે કટિબદ્ધ છે. આ નિર્ણય અંગે વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વન વિભાગ હેઠળ ફરજ બજાવતા વનપાલ અને બીટગાર્ડ સંવર્ગના કર્મચારીઓ દ્વારા પોતાની વિવિધ માંગણીઓને લઈને આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું.

આ આંદોલનના સંદર્ભમાં હકારાત્મક અભિગમ અપનાવીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ખાસ સૂચના અનુસાર, આજે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત કર્મચારી એસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન થયેલી વિસ્તૃત ચર્ચા-વિચારણાના અંતે કર્મચારીઓની માંગણીઓ અંગે હકારાત્મક અને સુખદ અંત આવ્યો છે તેમ, મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ અંગે વિગતવાર માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, અમુક બાકી રહેતા પ્રશ્નો અથવા મુદ્દાઓ અંગે 'સામાન્ય વહીવટ વિભાગ' અને 'નાણા વિભાગ'ની મંજૂરી જરૂરી હોવાથી, નિયમોનુસાર યોગ્ય પ્રક્રિયા હાથ ધરીને ટૂંક સમયમાં જ તે પ્રશ્નોનું પણ સત્વરે નિરાકરણ લાવવામાં આવશે." મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વન વિભાગના કર્મચારીઓ અત્યંત પ્રતિકૂળ અને કઠિન પરિસ્થિતિઓમાં પણ જંગલો અને વન્યપ્રાણીઓની સુરક્ષા માટે રાત-દિવસ સતત કાર્યરત રહ્યા છે, જેના પરિણામે જ આજે રાજ્યમાં વન સંપદા અને વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત રહી શકી છે. આ બેઠકમાં થયેલી ફળદ્રુપ અને હકારાત્મક ચર્ચાઓને ધ્યાનમાં રાખીને, કર્મચારી મંડળ દ્વારા પણ આંદોલનનો સત્તાવાર રીતે અંત લાવવાની સહર્ષ સંમતિ દર્શાવવામાં આવી છે. સરકારના આ સકારાત્મક વલણથી વન વિભાગના કર્મચારીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે તેમ મંત્રીશ્રી મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને સભ્યોએ કેરળ રાજ્યના તિરુવનંતપુરમ ખાતે આયોજિત રાષ્ટ્રીય કોન્ફરન્સ માં ભાગ લીધો

કમલમ્,

કેરળ રાજ્યના તિરુવનંતપુરમ ખાતે આયોજિત ભારતની સંસદ તથા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાઓની જાહેર હિસાબ સમિતિઓ **(Public Accounts Committees – PAC)** ના અધ્યક્ષોની પરિષદમાં ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેનશ્રી પંકજભાઈ દેસાઈ અને સભ્યશ્રીઓ ડૉ. હર્ષદભાઈ પટેલ તથા શ્રી વિનોદભાઈ મોરડીયા એ ભાગ લઈ વિચાર વિમર્શ કર્યો. આ પરિષદમાં લોક્સભાના માનનીય અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, રાજ્યસભાના માનનીય ઉપસભાપતિ શ્રી હરિવંશ, કેરળના માનનીય મુખ્યમંત્રી શ્રી વી. ડી. સતીશન, કેરળ વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી વિકરુવંચૂર રાધાકૃષ્ણન, સંસદની જાહેર હિસાબ સમિતિના માનનીય અધ્યક્ષ શ્રી કે.સી. વેણુગોપાલ, કેરળ વિધાનસભાના માનનીય ઉપાધ્યક્ષ શ્રીમતી શાનિમોલ ઉસ્માન તથા કેરળ વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના માનનીય અધ્યક્ષ શ્રી કે.એન. બાલગોપાલ સહિતના અનેક રાજ્યોના જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને સભ્યો સહિત વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિ રહી. આ પરિષદમાં લોકશાહી વ્યવસ્થામાં જાહેર હિસાબ સમિતિની ભૂમિકા, સરકારી નાણાના પારદર્શક અને જવાબદાર વહીવટ, જાહેર ખર્ચની સમીક્ષા તથા નાણાકીય જવાબદારી અને વિધાનસભાકીય દેખરેખ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો. દેશના વિવિધ સંસદીય અને વિધાનસભાકીય હોદ્દેદારો તથા જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષો એવિચારોનું આદાન-પ્રદાન કરીને મૂલ્યવાન માર્ગદર્શન અને અનુભવો પ્રાપ્ત કર્યા. આ પરિષદ સંસદીય પરંપરાઓ, લોકશાહી મૂલ્યો અને જાહેર નાણાંના સુશાસન અંગેની સમજને વધુ સમૃદ્ધ બનાવનારી રહી.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાતે મુંબઈ સ્થિત જાપાનના કોન્સુલ-જનરલ સુશ્રી સાતો હિતોમી

ભારત-જાપાન મૈત્રી, ઔદ્યોગિક સહયોગ અને સાંસ્કૃતિક સંબંધો પર વિશેષ સંવાદ



કમલમ્,

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુંબઈ સ્થિત જાપાનના નવનિયુક્ત કોન્સુલ-જનરલ સુશ્રી સાતો હિતોમીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુંબઈ ખાતે જાપાનના કોન્સુલ-જનરલ તરીકે પદભાર સંભાળ્યા બાદ ગુજરાતના પ્રવાસે આવેલા સુશ્રી સાતો હિતોમીનું રાજ્યપાલશ્રીએ લોકભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભારતીય અર્થતંત્ર અને રાજનીતિ વિજ્ઞાનમાં નિષ્ણાત એવા સુશ્રી સાતો હિતોમીના બહોળા કૂટનીતિક અનુભવનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાત અને જાપાન વચ્ચેના ઔદ્યોગિક, વ્યાપારિક અને સાંસ્કૃતિક સંબંધો વધુ મજબૂત બનશે. બેઠક દરમિયાન ભારત અને જાપાન વચ્ચેના ઐતિહાસિક સંબંધો, આઝોમો બાઇલ તથા રોબોટિક્સ ટેક્નોલોજી, ઈલેક્ટ્રિક અનેહાઈબ્રિડ વાહનો, પ્રાકૃતિક ખેતી, શિક્ષણ વ્યવસ્થા, સ્વાસ્થ્ય તથા સાંસ્કૃતિક આદાન-પ્રદાન જેવા વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જાપાનની અદ્યતન આઈમોબાઈલ ટેક્નોલોજી દ્વારા ગુજરાતના હાસલપુર સ્થિત સુઝુકીના પ્લાન્ટમાં નિર્મિત ઈલેક્ટ્રિક વાહનોની વૈશ્વિક બજારોમાં નિકાસ થઈ રહી છે તેનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણને અનુકૂળ હાઈબ્રિડ વાહનોની લોકપ્રિયતા અને ફ્યુઅલ એફિશિયન્સીઅંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. બેઠકમાં જાપાની શાળાકીય શિક્ષણ પદ્ધતિ વિશે વિશેષ ચર્ચા થઈ હતી, જ્યાં બાળકો નાનપણથી જ પોતાની શાળાની સ્વચ્છતા જાતે રાખવા, શિસ્ત જાળવવામાં અને આત્મનિર્ભર બનવા ટેવાયેલા હોય છે.

આ સંદર્ભમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આપણા દેશની ગુરુકુલ પરંપરામાં પણ આજ મૂલ્યોને પ્રાધાન્ય અપાય છે. રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અને જાપાનના સંબંધો અત્યંત મજબૂત બન્યા હોવાનું જણાવીને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ-બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી. તેમણે જાપાનને દેશભક્તિ, કર્તવ્યનિષ્ઠા અને અનુશાસન માટે જાણીતો રાષ્ટ્ર ગણાવીને ગુજરાતમાં જાપાની રોકાણ અને વિકાસ કાર્યો અંગે પ્રશંસા કરી હતી.

દિવાળી પૂર્વે વલસાડને રૂ. ૪૪૧ કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૪૯.૬ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યાઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

:: મુખ્યમંત્રીશ્રી ::

- ★ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત વખતે રાજ્યમાં ૧.૬૮ લાખ નાના ઉદ્યોગો હતા, તે વધીને આજે ૨૯ લાખ થયા છે.
- ★ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં વિકાસ અને નાણાંકીય શિસ્તનો મજબૂત પાયો નાંખ્યો તેથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે
- ★ વિકસિત ભારત જ૨૦૪૭ માટે રોડમેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
- ★ ચોમાસાની આપત્તિમાં વલસાડની પ્રજાએ જે હિંમત અને ધૈર્ય દાખવ્યાં તે સમગ્ર રાજ્ય માટે પ્રેરણારૂપ છે.



કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દિવાળી પૂર્વે વાપી ખાતેથી વલસાડ જિલ્લાની જિનસુખાકારીને વધુ સુદ્રઢ બનાવતા રૂ. ૪૪૧ કરોડના વિવિધ વિકાસ કામોની ભેટ આપી હતી. પાયાની સુવિધા અને વધુ સુદ્રઢ બનાવવા માટે રૂ. ૪૮.૨૨ કરોડના ખર્ચે વાપી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને રૂ. ૨૧ કરોડના ખર્ચે વલસાડ તાલુકાના નવેરા ગામે જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સહિત કુલ રૂા. ૧૬૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ- લોકાર્પણ અને રૂા. ૨૭૬ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ- ખાતમૂર્હત મળી કુલ રૂ. ૪૪૧ કરોડના વિકાસ કામોની ભેટ વાપીના વી.આઈ.એ. ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાવાસીઓને અર્પણ કરી હતી. આ પૂર્વે મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૩૭.૫૦ કરોડના ખર્ચે વલસાડ જિલ્લા પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતાનગર ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દેશની વિકાસયાત્રા અને ગરીબી નાબૂદી માટે કરેલા પ્રયાસો અને તેની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, વર્લ્ડ બેંકના ઓક્ટોબર-૨૦૨૨ના અહેવાલમાં જણાવાયું છે કે, ભારતમાં ૪૯.૬ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૧૧માં ભારતમાં અત્યંત ગરીબી રેખા નીચે જીવતી વસ્તીનું પ્રમાણ ૨૭.૦૧ ટકા હતું તે ૨૦૨૩માં ઘટીને ૨.૩ ટકા થયું છે. આ આંકડા દર્શાવે છે કે દેશના સર્વાંગી વિકાસ અને ગરીબોના જીવનધોરણમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરીબલક્ષી યોજનાના પરિણામે આવેલું સકારાત્મક પરિવર્તન છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે અને રોજગારીની તકોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાત દેશના વિકાસમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ૨૦૦ ઉમા વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી હતી. તે સમયે રાજ્યમાં ૧.૬૮ લાખ નાના ઉદ્યોગો હતા, તે વધીને આજે ૨૯ લાખ થયા છે. ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિ અને ઉદ્યોગસાહસિકતાનું આ જીવંત પ્રમાણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં વિકાસ અને મજબૂત નાણાકીય વ્યવસ્થાપનનો જે પાયો નાખ્યો હતો, તેને પરિમાને ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. વિકાસકાર્યો માટે રાજ્ય સરકાર પાસે સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપન છે. આર્થિક શિસ્ત અને વિકાસલક્ષી આયોજનના કારણે ગુજરાત આજે નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રે પણ અગ્રેસર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશની આર્થિક પ્રગતિ સાથે જીએસટીની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આર્થિક સદ્ધરતા અને મજબૂત નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યમાં ઉત્તમ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળી, પાણી, માર્ગો અને જાહેર સુવિધાઓના નિર્માણ સાથે ગુણવત્તાયુક્ત વિકાસ કાર્યો દ્વારા ગુજરાત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે વાપીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને રાજ્યના અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારોમાં લોકોની આરોગ્ય રક્ષાની કાયમ સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ ગણાવતા કહ્યું હતું કે આ હોસ્પિટલ આધુનિક સુવિધાઓની દૃષ્ટિએ ખાનગી હોસ્પિટલને પણ ટક્કર આપે તેવી છે. વિકસિત ભારત જ૨૦૪૭ના સંકલ્પનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. વિકસિત ભારત @2047 ના નિર્માણ માટેનો રોડમેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે અને આ રોડમેપના આધારે વિકાસલક્ષી કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. ગુજરાતને દેશના વિકાસમાં અગ્રેસર રાખવા માટે સરકાર સતત નવા આયામો અને પ્રજાલક્ષી યોજનાઓ સાથે કાર્યરત છે. વિકાસના દરેક કાર્યમાં જનભાગીદારીનું મહત્વ સમજાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર પ્રજાના કલ્યાણ અને સુખાકારી માટે દિવસ-રાત કાર્યરત છે, પરંતુ વિકાસની આ યાત્રાને વધુ વેગવંતી બનાવવા નાગરિકોની સહભાગિતા પણ એટલી જ આવશ્યક છે. વધુમાં તેમણે કહ્યું કે, જે રીતે આપણા જવાનો દેશની સુરક્ષા માટે પોતાનું યોગદાન આપે છે, તે જરીતે દરેક નાગરિક પાણી અને વીજળીની બચત કરીને, પોતાના વિસ્તારને સ્વચ્છ રાખીને અને સામાજિક જવાબદારી નિભાવીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી શકે છે. વડાપ્રધાનશ્રીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આત્મસાત કરીને આપણે સૌએ સાથે મળીને આગળ વધવા અનુરોધ કર્યો હતો. વલસાડ જિલ્લામાં તાજેતરના ચોમાસા દરમિયાન સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ધીરજ, હિંમત અને એકતાથી સંકટનો સામનો કેવી રીતે કરવો તેનું ઉત્તમ ઉદાહરણ વલસાડની પ્રજાએ પૂર દરમિયાન પુરું પાડ્યું છે તેની પ્રસંશા કરી હતી. તેમણે વલસાડવાસીઓની આ હિંમત અને સામૂહિક ભાવનાને બિરદાવી હતી અને વલસાડ જિલ્લાને મળેલી વિકાસની આ ભેટ માટે સૌને અભિનંદન તેમજ દિવાળી અને નૂતન વર્ષના પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ વલસાડ જિલ્લાની વિકાસની નવી રોશની ઉમેરાઈ હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, પ્રજાજનોની સુખાકારી અને આરોગ્યક્ષેત્રે માળખાકીય સવલતો સુદૃઢ કરવાના સનિષ્ઠ પ્રયાસરૂપે વાપીના બલીઠા ખાતે ૧૫૦ બેડની અત્યાધુનિક સરકારી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે વલસાડ વાસીઓ માટે એક સીમાચિહ્નરૂપ ભેટ સાબિત થશે. સરકારી નવનિર્મિત હોસ્પિટલમાં ૧૮ થી વધુ મલ્ટી-સ્પેશિયાલિટી તબીબી સેવાઓ અને ખાનગી હોસ્પિટલોને ટક્કર આપે તેવા વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટરો કાર્યરત કરાયા છે. હાઈવે પર થતા અકસ્માતોના કિસ્સામાં દર્દીઓને ગોલ્ડન અવરમાં તાત્કાલિક શ્રેષ્ઠ સારવાર મળી રહે અને કિંમતી જીવ બચાવી શકાય તે હેતુથી આ વ્યવસ્થા ઉભી કરાઈ છે. આયુષ્માન ભારત યોજના તથા ગુજરાત સરકારના આરોગ્ય કવચ માધ્યમથી સામાન્ય અને ગરીબ પરિવારના નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક તબીબી સારવાર મળી રહી છે, જેનાથી અમીર અને ગરીબ તમામ દર્દીઓ માટે હોસ્પિટલમાં એકસરખી ઉત્તમ આરોગ્યસેવાઓ સુનિશ્ચિત થઈ છે. જિલ્લાના યુવાધનને સ્પોર્ટસ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે રૂ. સાડા ૬ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક સ્પોર્ટસ સેન્ટર ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે નિષ્ણાત ટ્રેનર્સની દેખરેખ હેઠળ સ્થાનિક યુવા ખેલાડીઓ પોતાના સપના સાકાર કરી શકશે. અમદાવાદ ખાતે યોજાનાર 'કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦'ને ધ્યાનમાં રાખી ખાસ કરીને દરેક ગામમાંથી ઓછામાં ઓછા એક ખેલાડીને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ અને CSR ફંડના સહયોગથી આદિવાસી તથા સક્ષમ-અસમર્થ પરિવારના પ્રતિભાશાળી બાળકોને દત્તક લઈ તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડી તરીકે ઘડવા માટે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. દિવાળીના તહેવારોમાં સ્થાનિક રોજગાર અને પ્રોત્સાહનને બળ આપવા માટે માટીના દીવા તથા શણગારની ચીજવસ્તુઓ બનાવતા સ્થાનિક નાના કારીગરો અને બહેનો પાસેથી જ ખરીદી કરવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરી હતી.

આ તકે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચલાવાઈ રહેલા સ્વચ્છતા અભિયાન તેમજ જિલ્લા પોલીસ દ્વારા ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ વિરુદ્ધ હાથ ધરાયેલી કડક ઝુંબેશની સરાહના કરવામાં આવી હતી. ઔદ્યોગિક વિસ્તારમાં અસામાજિકતત્વો સામે કડકકાનૂની કાર્યવાહી કરવા તેમજ આમ નાગરિકોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસન કટિબદ્ધ હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનું ઉત્સાહભેર સ્વાગત કરી જણાવ્યું કે, વાપી ખાતે ૧૮ મલ્ટી સ્પેશિયાલિટી સાથેની સુવિધા સભર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું લોકાર્પણ કરાયું છે, જે હાઈવે ટચ હોવાથી લોકોને ઉપયોગી થશે. આ ગામી વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ગુજરાત કરી રહ્યું છે, ત્યારે નવેરા ખાતેનું જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ જિલ્લાના રમતવીરો માટે ઉપયોગી થશે. વલસાડ જિલ્લામાં વિકાસના કામો માટે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે સહકાર આપ્યો છે તે બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રીશ્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લાના સર્વ ધારાસભ્ય રમણલાલ પાટકર, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા સહિત ઉદ્યોગપતિઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જનગણના- ૨૦૨૭ – બીજા તબક્કા (વસ્તીની ગણતરી) માટેની ગુજરાત રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓ (Principal Census Officers – PCOs) ની પરિષદ ગુજરાત સરકારના માનનીય મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

કમલમ્, ગાંધીનગર

જનગણના- ૨૦૨૭ – બીજા તબક્કા (વસ્તીની ગણતરી) માટેની ગુજરાત રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓ (**Principal Census Officers – PCOs**) ની પરિષદ આજે ગુજરાત સરકારના માનનીય મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસની અધ્યક્ષતામાં યોજાઈ હતી. રાજ્યવ્યાપી સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે તમામ મુખ્ય જનગણના અધિકારીઓ શ્રી (જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશ્નરો) તેમજ જિલ્લા-સ્તરના હિતધારકોને વર્ચ્યુઅલ માધ્યમથી પરિષદમાં ભાગ લીધો હતો. માનનીય મુખ્ય સચિવશ્રીના આગમન સાથે પરિષદનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ શ્રી સુજલ જે. મયાત્રા, **IAS**, નિયામક, જનગણના કાર્ય નિર્દેશાલય (**DCO**), ગુજરાત દ્વારા સ્વાગત પ્રવચન તથા બીજા તબક્કા (વસ્તીની ગણતરી) અંગેની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. શ્રી મૃત્યુંજય કુમાર નારાયણ, ભારતના મહારજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર, ભારતના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશ્નરની ઝ્રીની (**ORGI**), નવી દિલ્હી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત અધિકારીઓને સંબોધવામાં આવ્યા હતા, તેમણે માનનીય મુખ્ય સચિવશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત માં ઘરચાદીની કામગીરી (**HLO**) સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. તેમણે પુરાવા આધારિત નીતિ ઘડતર અને રાષ્ટ્રીય વિકાસમાં જનગણનાના આંકડાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. સ્વ-ગણતરી (**Self-Enumeaion**)માં મહત્તમ જાહેર સહભાગિતા સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા તથા વસ્તીની ગણતરીના બીજા તબક્કાને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર પાસેથી પૂરતા સહયોગની વિનંતી કરી છે. માનનીય મુખ્ય સચિવશ્રીએ પોતાના



સંબોધનમાં આંકડાઓની ચોકસાઈ અને અદ્યતન આયોજન પર ભાર મૂક્યો હતો. તેમણે જનગણના વિશ્વનો સૌથી મોટો કવાયતરૂપ કાર્યક્રમ હોવાનું અને તેના આંકડાઓનો ઉપયોગ શાળાઓ, આંગણવાડીઓ, રોજગાર, શહેરી આયોજન, ગરીબી નાબૂદી વગેરે ક્ષેત્રોમાં થવાનો હોવાનું જણાવ્યું હતું. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે જનગણનાના આંકડા અસરકારક આયોજન અને કલ્યાણલક્ષી સુશાસનનો પાયો છે. તેમણે માનનીય ભારતના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશ્નરને રાજ્ય સરકાર તરફ થી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી તથા તમામ મુખ્ય જનગણના અધિકારીઓને જનગણનાના કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અને તેની સફળતાપૂર્વક પૂર્ણતા સુનિશ્ચિત કરવા વ્યક્તિગત ધ્યાન આપવા નિર્દેશ આપ્યો હતો. પરિષદ દરમિયાન વરિષ્ઠ અધિકારીઓ અને જનગણના કાર્ય નિર્દેશાલય(**DCO**) ગુજરાતના રાષ્ટ્રીય તાલીમકારો દ્વારા નીચેના વિષયો પર ટેકનિકલ સત્રો યોજવામાં આવ્યા હતા:

- કામગીરીની રૂપરેખા અને તાલીમ માળખું
- વિભાવનાઓ, વ્યાખ્યાઓ અને પ્રશ્નાવલી
- બીજા તબક્કા માટેના ડિજિટલ સાધનો
- કાનૂની માળખું અને પ્રમાણભૂત કાર્યપદ્ધતિ
- મીડિયા અને પ્રચાર-પ્રસારની વ્યૂહરચના

પરિષદનો સમાપન સત્રમાં પરસ્પર ચર્ચા અને આભારવિધિ સાથે થયો હતો. આ પ્રસંગે રાજ્ય વહીવટી તંત્ર દ્વારા જનગણના ૨૦૨૩ની કામગીરી ગુણવત્તા, કાર્યક્ષમતા અને ઉચ્ચતમ ચોકસાઈ સાથે પૂર્ણ કરવા માટેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઘોડમાળ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ.૧૯૦.૬૨ કરોડના ૪૯ વિકાસકાર્યોનો ભૂમિપૂજન/ખાતમુહૂર્ત સમારોહ યોજાયો

કમલમ્, નવસારી

રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ઘોડમાળ પ્રાથમિક આરોગ્યકેન્દ્ર ખાતે રૂ.૧૯૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિવિધ ૪૯ વિકાસકાર્યોનું રિમોટના માધ્યમથી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તેમજ રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના વિવિધ લોકોપયોગી વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે,લીલીછમ્મ ધરતી વાંસદા ખાતે આજે લોકોપયોગી વિકાસકાર્યોની શરૂઆત થઈ રહી છે ત્યારે આજનો દિવસ વાંસદા વિસ્તાર માટે મહત્વપૂર્ણ છે. સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સીધો પહોંચે તે સરકારની પ્રાથમિકતા રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વાંસદા વિસ્તારમાં રસ્તા, ડ્રેનેજ, કોઝવે અને અન્ય પાયાની સુવિધાઓ માટે રૂ.૧૯૦.૬૨ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યો માત્ર બાંધકામ પૂરતાં નથી, પરંતુ હજારો પરિવારોની આશાઓ અને





આકાંક્ષાઓ સાથે જોડાયેલા છે. ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને આ કામોનો સીધો લાભ મળશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વાંસદા વિધાનસભા વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ.૧,૧૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત આજે રૂ.૧૯૦.૬૨ કરોડનાં વિકાસકાર્યોનો પ્રારંભ થઈ રહ્યો છે. વાંસદા વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારના કુલ રૂ.૧,૨૯૦ કરોડ તથા કેન્દ્ર સરકારના રૂ.૬૦૦ કરોડ મળી કુલ રૂ.૧,૮૯૦ કરોડના વિકાસકાર્યો થઈ રહ્યા છે. આ વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવવા માટે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ સહિતના લોકપ્રતિનિધિઓના પ્રયાસોને તેમણે બિરદાવ્યા હતા. આદિજાતિ વિસ્તારના યુવાનોને શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે આગળ વધવાની તક મળે તે માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે, વાંસદા સહિતના આદિજાતિ વિસ્તારોમાં ભગવાન બિરસા મુંડા તાલુકાકક્ષાની લાયબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવશે. આ લાયબ્રેરીઓ આદિવાસી દીકરા-દીકરીઓ માટે અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષા ની તૈયારીનું ઉત્તમ માધ્યમ બનશે. રમતગમત ક્ષેત્રે પણ આ દિજાતિ વિસ્તાર ના યુવાનો આગળ આવે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સાબરકાંઠાની આદિવાસી દીકરી તેજલબેન ડામોરે એશિયન ગેમ્સમાં મેડલ મેળવી દેશનું નામ રોશન કર્યું છે. આઠ ખેલાડીઓને રૂ.૮.૫૦ કરોડના ચેક અર્પણ કરવામાં આવ્યા હોવાનુંપણ તેમણે જણાવ્યું હતું. તહેવારોના માહોલમાં નાગરિકોને અપીલ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દિવાળીના પર્વે સ્થાનિક હસ્તકલા સાથે સંકળાયે લી બહેનો અને સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતી વસ્તુઓની ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપવાની અપીલ કરી હતી. ગરીબ અનેઆદિવાસીત મંદ બાળકો માટે કપડાં, દીવડાં તથા શણગારની વસ્તુઓની ખરીદી કરીને તહેવારની ખુશીઓ સૌ સાથે વહેંચવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)દ્વારા રૂ.૧૧.૩૦ કરોડના ખર્ચે વાંસદા-વાંસીયા તળાવ-બોરિયાચ-ખાટા-આંબા-કણઘા નોન-પ્લાન રસ્તાઓ, કોઝવે અને બ્રિજ સહિતના રૂ.૪૭.૯૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા ૩૩ વિકાસકાર્યોનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તાલુકાકક્ષાની ભગવાન બિરસા મુંડા લાયબ્રેરીઓના નિર્માણકાર્યોનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ચીખલી ખાતે રૂ.૧.૭૩ કરોડ, ખેરગામ ખાતે રૂ.૧.૫૫ કરોડ તથા વાંસદા તાલુકા મથકે રૂ.૪.૮૪ કરોડના ખર્ચે લાયબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવશે. આ લાયબ્રેરીઓ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ અને જ્ઞાનવર્ધન માટે ઉપયોગી બનશે. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ ઉપસ્થિત મહાનુભવોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે અંતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણીએ આભારવિધિ આટોપી હતી. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, સાંસદશ્રી ધવલભાઈ પટેલ, ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, અગ્રણીશ્રી ભૂરાભાઈ શાહ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028